**ક્રિમીનલ પરચુરણ અરજી નંબર ૪૫૦/૨૦૨૪**
**ઓલપાડ પોલીસ સ્ટેશન સી પાર્ટ ૧૧૨૧ ૪૦૪૨ ૨૪ ૧૨૧૧/૨૦૨૪, પ્રોહી. એકટ કલમ – ૬૫ એ ઈ, ૮૧,૮૩,૧૧૬(૨),૯૮(૨) મુજબના ગુના સબબ આરોપી – રાકેશભાઈ પ્ર મોદભાઈ પટેલનાઓની જામીન અરજી અન્વયે હુકમ.**

---

(૧) આ કામે જામીન અરજી સંદર્ભે આરોપી તરફે વિ.વ.શ્રી ને એચ.વી.આહીરને સાં ભળ્યા તથા ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી કે.આર. ભૂંગળને સાંભળ્યા. ફરીયાદ હકીકત વં ચાણે લીધી.

(૨) આરોપી તરફે વિ.વ.શ્રીએ રજુઆત કરતા જણાવેલ છે કે, હાલના ગુનાના કામે આરોપીને ખોટી રીતે સંડોવી દીધેલ છે. આરોપી હાલની અરજીમાં જણાવેલ સરનામાના કાયમી રહેવાસી છે કયાંય નાશી ભાગી જાય તેમ નથી, પરીવારની જવાબદારી આરોપી ઉપર રહેલી છે, હાલનુ કામ ચાલતા લાંબો સમય લાગે તેમ છે, નામદાર કોર્ટ જે કંઈ શરતો ફરમાવશે તેનુ પાલન કરવાની ખાત્રી આપીએ છીએ. આથી યોગ્ય રકમના જામની પર મુકત કરવા વિનંતી છે.

(૩) ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ હાલની જામીન અરજીનો વિરોધ કરતા રજુઆત કરેલી છે કે, આ કામે તારીખ ૨૪/૦૮/૨૦૨૪ ના રોજ કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે મોજે કુકણી ગામની સીમમાં કુકણીથી સેગવાછામા ગામ તરફ જતા રોડ ઉપર આવેલ રાકેશભાઈ પ્રમોદભાઈ પટેલના મંડપના પતરાના શેડના ગોડાઉનમા તા.ઓલપાડ મુકામે મંડપના ગોડાઉનમાથી તથા ટેમ્પોમાથી ગેરકાયદેસર વગર પાસ પરમીટના વિદેશી દારુની વ્હીસ્કી/બીયરની નાની મોટી બોટલ નંગ– ૯૮૭૬, કિંમત રૂા. ૧૫,૫૧,૬૦૦/–નો પ્રોહીબીશનનો મુદ્દામાલ મળી આવેલ છે, આ કામે બનાવ સ્થળેથી હાલના આરોપીની માલીકીની મોપેડ તથા આ મોપેડની ડીકીમાથી સુરત જીલ્લા પંચાયત પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર દીહેણ તા.ઓલપાડના દવાખાનાનુ હાલના આરોપીના નામનુ કેસ નં. ૨૫૪૩ તા.૨૨/૮/૨૪

નુ કેસ પેપર મળી આવેલ છે. આમ આ ગુનામાં હાલના આરોપીની સંડોવણી રહેલી છે. જો આરોપીને જામીન મુકત કરવામાં આવશે તો ફરીથી આ પ્રકારનો ગુનો કરશે તથા તપાસ સમયે અને ટ્રાયલ સમયે મળી આવશે નહી તેથી હાલની અરજી નામંજુર કરવી જોઈએ.

(૪) પક્ષકારોની લંબાણ પુર્વકની રજુઆતો ધ્યાને લીધી. ફરીયાદ વંચાણે લીધી. ફરીયાદ હકીકત મુજબ આ કામે તારીખ ૨૪/૦૮/૨૦૨૪ ના રોજ કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે મોજે કુકણી ગામની સીમમાં કુકણીથી સેગવાછામા ગામ તરફ જતા રોડ ઉપર આવેલ રાકેશભાઈ પ્રમોદભાઈ પટેલના મંડપના પતરાના શેડના ગોડાઉનમા તા.ઓલપાડ મુકામે મંડપના ગોડાઉનમાથી તથા ટેમ્પોમાથી ગેરકાયદેસર વગર પાસ પરમીટના વિદેશી દારુની વ્હીસ્કી/બીયરની નાની મોટી બોટલ નંગ- ૯૮૭૬, કિંમત રૂા. ૧૫,૫૧,૬૦૦/-નો પ્રોહીબીશનનો મુદ્દામાલ મળી આવેલ છે હોવાનો આવેલ હોવાનો આક્ષેપ રહેલ છે. આ કામે રેકર્ડ જોતા બનાવ સ્થળેથી હાલના આરોપીની માલીકીની મોપેડ તથા આ મોપેડની ડીકીમાથી સુરત જીલ્લા પંચાયત પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર દીહેણ તા.ઓલપાડના દવાખાનાનુ હાલના આરોપીના નામનુ કેસ નં. ૨૫૪૩ તા.૨૨/૮/૨૪ નુ કેસ પેપર મળી આવેલ હોવાનુ બહાર આવેલ છે. આમ હાલના આરોપીની આ ગુનાના કામે સંડોવણી રહેલ હોવાનુ હાલના તબકકે પ્રથમ દર્શનીય રીત જણાઈ આવે છે. જામીન અરજીનો નિર્ણય કરતી વખતે અદાલતે ગુનાની ગંભીરતા તથા સજાની જોગવાઈ ધ્યાને લેવી જોઈએ. હાલના કામમા આરોપી સામેનો ગુનો બીનજામીનપાત્ર, ૧૦ વર્ષ સુધીની કેસ અને રૂા.૫,૦૦,૦૦૦/- દંડને પાત્ર ગુનો છે. હાલના આરોપીઓ સામે ની તપાસ ચાલુ છે, ગુનાની ગંભીરતા તથા સજાની જોગવાઈ તેમજ જામીન અરજીના તબકકે નામદાર સર્વોચ્ચ અદાલતના તે લગત ચુકાદાના માર્ગદર્શક સિધ્ધાંતો વિગેરે તમામ હકીકતો ધ્યાને લેતાં હાલના આરોપીને આ તબકકે જામીન મુકત કરવા ન્યાયના હીતમા ઉચીત જણાય આવતુ ના હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

આરોપીની હાલની જામીન અરજી આથી નામંજુર (રદ) કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૭મી, માહે- સપ્ટેમ્બર, સને-૨૦૨૪ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:- ઓલપાડ.
તારીખ :- ૧૭/૦૯/૨૦૨૪.

(પ્રમોદ ચીમનભાઈ રોહિત)
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
ઓલપાડ. Code No. GJ01284